નવગુજરાત સમય, પાના નંબર :- ૧૨

તારીખ :- ૨૭/૦૩/૨૫

# અમદાવાદમાં મેટ્રોના 13 કિલોમીટરના રૂટમાં વૃક્ષારોપણ કરાશે

**અમદાવાદ:** શહેરના થલતેજથી વસ્ત્રાલ અને વેજલપુરથી મોટેરા સુધી મેટ્રો દોડાવવામાં આવી રહી છે. AMC દ્વારા શહેરમાં 13 કિ.મી.માં મેટ્રો રૂટ પર સેન્ટ્રલ વર્જમાં વૃક્ષારોપણ કરવાનું



આયોજન કરાયું છે અને આ હેતુસર શુક્રવારે યોજાનારી સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્તને રજૂ કરાશે. શહેરમાં ગ્રીન કવર વધારવા માટે મેટ્રો રૂટ પર સેન્ટ્રલ વર્જમાં વૃક્ષારોપણ કરવા માટે કામગીરી સોંપવામાં આવશે. આમ, મેટ્રો રૂટ પરના સેન્ટ્રલ વર્જમાં પ્લાન્ટેશન કરવા માટે અંદાજે રૂ. 6 લાખથી વધુનો ખર્ચ થશે તેમજ આ કામગીરી માટે રૂ. 2 લાખ એડવાન્સ પેમેન્ટ તરીકે ચૂકવાશે.